Govt. Arts College-Kaparada * Dist. Valsad *

**સરકારી કોલેજોની શૈક્ષણિક હંગામી જગ્યાઓ વધુ મુદતે ચાલુ રાખવા અંગે**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૭/૨૦૨૨

વંચાણે લીધાઃ-

૧) વિભાગનો તા.૧૫.૦૭.૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ
૨) વિભાગનો તા.૨૪.૦૩.૨૦૨૨ નો ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ
૩) વિભાગનો તા.૧૧.૦૬.૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૧૨૦/CHE-૨૮/ખ
૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૮.૦૧.૨૦૨૨નો પત્ર ક્ર- ઉશિક/મકમ-૩/હંશૈજ/૦૧/૨૦૨૧/૧૬૯૩૫

ઠરાવ -

શિક્ષણ વિભાગ હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને બી.એડ. વિદ્યાશાખાની કોલેજોની કુલ-૧૩૨૯.૫ પૈકી કુલ-૯૮૫.૫ ભરેલી શૈક્ષણિક હંગામી જગ્યાઓ વંચાણે લીધેલા ક્રમાંક-(૧)ના ઠરાવથી અને કુલ-૧૮૬ ખાલી શૈક્ષણિક હંગામી જગ્યાઓ તા.૦૧.૦૩.૨૦૨૧ થી તા.૨૮.૦૨.૨૦૨૨ સુધી ચાલુ રાખવાની વંચાણે લીધેલા ક્રમાંક-(૨)ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ હતી. તેમજ નવી બાબતઃ૨૦૨૧-૨૨માં બિન-આદિજાતિ વિસ્તારની સરકારી કોલેજોની કુલ-૧૦૫ (જેમાં આસી. પ્રોફેસરની કુલ-૧૦૦ અને પી.ટી.આઈ.ની કુલ-૦૫) તેમજ આદિજાતિ વિસ્તારની સરકારી કોલેજોની કુલ-૫૩ (જેમાં આસી. પ્રોફેસરની કુલ-૫૦ અને પી.ટી.આઈ.ની કુલ-૦૩) એમ કુલ-૧૫૮ જગ્યાઓને વંચાણે લીધેલા ક્રમાંક-(૩)ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

૨. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા પત્રક-ક મુજબ ભરેલી હંગામી જગ્યાઓ ૧૦૦૬.૫, પત્રક – ખ મુજબ ૦૧ વર્ષથી ઓછા સમયથી ખાલી હંગામી જગ્યાઓ ૧૭૮, પત્રક-ગ મુજબ ૦૧ થી ૦૩ વર્ષ સુધીની ખાલી જગ્યા (સ્થગિત જગાઓ) ૧૧૨.૫ અને પત્રક-ઘ મુજબ ૦૩ વર્ષથી વધારે સમયથી ખાલી જગ્યા ૩૨.૫ એમ કુલ-૧૩૨૯.૫ શૈક્ષણિક હંગામી જગાઓને તા.૦૧.૦૩.૨૦૨૨ થી તા.૨૮.૦૨.૨૦૨૩ સુધી વધુ મુદતે ચાલુ રાખવાની મંજૂરી આપવા ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – (૪)ના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

Scanned with OKEN Scanner

૨. પુખ્ત વિચારણાના અંતે. આ સાથેના પત્રક-ક મુજબ ભરેલી હંગામી જગ્યાઓ ૧૦૦૬.૫. પત્રક-ખ મુજબ એક(૦૧) વર્ષથી ઓછા સમયથી ખાલી હંગામી જગ્યાઓ કુલ-૧૭૮ તથા પત્રક-ગ મુજબ એક(૦૧) વર્ષથી વધુ અને ત્રણ(૦૩) વર્ષથી ઓછા સમયથી સ્થગિત હંગામી જગાઓ કુલ-૧૧૨.૫ એમ કુલ-૧૨૯૭ શૈક્ષણિક હંગામી જગ્યાઓને તા.૦૧.૦૩.૨૦૨૨ થી તા૨૮.૦૨.૨૦૨૩ સુધી વધુ મુદતે ચાલુ રાખવા માટે નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે. બાકીની પત્રક-ઘ મુજબની કુલ-૩૨.૫ હંગામી જગ્યાઓ ત્રણ વર્ષ કે તેથી વધારે સમયથી ખાલી રહેલ સદર હંગામી જગ્યાઓ નાણા વિભાગની સ્થાયી સૂચનાઓ મુજબ રદ કરવાની રહેશે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

શરતો:-

૧. હંગામી જગા જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે તે જગાએ ઉપયોગ કરવાનો રહેશે.

૨. હંગામી જગાની મુદત પુરી થવાના ૨ માસ અગાઉ જગા ચાલુ રાખવાની જરૂરિયાત હોય તો પૂરતા વાજબીપણા સાથે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

૩. એક(૧) વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગા ABEYANCE માં મૂકવાની રહેશે અને ત્રણ(૩) વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગાઓ રદ કરવાની રહેશે.

૪ ABEYANCE માં મૂકાયેલી જગ્યા નાણા વિભાગની પૂર્વ મંજુરી વિના ભરી શકાશે નહીં.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી(શિક્ષણ)ની તા.૧૬.૦૭.૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

બિડાણ : પત્રક-ક, પત્રક- ખ અને પત્રક-ગ

(બી.એસ.પરમાર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- આચાર્યશ્રી સંબંધિત કોલેજ (ઉ.શિ. નિયામકશ્રીની કચેરી મારફત)
- સંબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી.(ઉ. શિ. નિયામકશ્રીની કચેરી મારફત)
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- ના.સે.અ. સિલેકટ ફાઈલ

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Scanned with OKEN Scanner

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

# શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ,

# તા. ૨૫ /૦૭/૨૦૨૩ સાથેનું બિડાણ:

## પત્રક-ક

| અ.નં. | કોલેજનું નામ | હંગામી જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| 1 | 3 | 4 | 5 | 6 |
| 1 | સરકારી વિનયન કોલેજ,સેક્ટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 2 | સરકારી વિનયન કોલેજ,સેક્ટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | 17.0 | 57700-92500 |
| 3 | સરકારી વિનયન કોલેજ,સેક્ટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 4 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 5 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | 16.0 | 57700-92500 |
| 6 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 7 | સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 8 | સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | 13.0 | 57700-92500 |
| 9 | સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 10 | ગુજરાત કોમર્સ કોલેજ (સવારની) અમદાવાદ | મદદનીશ પ્રાધ્યાપક | 17.0 | 57700-92500 |
| 11 | ગુજરાત કોમર્સ કોલેજ (સવારની) અમદાવાદ | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 12 | ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ(બપોરની) અમદાવાદ | મદદનીશ પ્રાધ્યાપક | 26.0 | 57700-92500 |

Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| 198 | સરકારી વિજ્ઞાન કોલેજ સોનગઢ | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 199 | સરકારી વિજ્ઞાન કોલેજ સોનગઢ | મદદનીશ પ્રાધ્યાપક | 9.0 | 57700-92500 |
| 200 | સરકારી વિજ્ઞાન કોલેજ સોનગઢ | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 201 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 202 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | મદદનીશ પ્રાધ્યાપક | 21.0 | 57700-92500 |
| 203 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 204 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | મદદનીશ પ્રાધ્યાપક | 18.0 | 57700-92500 |
| 205 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 206 | સરકારી વિજ્ઞાન કોલેજ ચિખલી | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 207 | સરકારી વિજ્ઞાન કોલેજ, ચિખલી | મદદનીશ પ્રાધ્યાપક | 7.0 | 57700-92500 |
| 208 | સરકારી વિજ્ઞાન કોલેજ, ચિખલી | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 209 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભિલાડ, તા.ઉમરગામ | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 210 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભિલાડ, તા.ઉમરગામ | મદદનીશ પ્રાધ્યાપક | 12.0 | 57700-92500 |
| 211 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભિલાડ, તા.ઉમરગામ | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |
| 212 | સરકારી વિનયન કોલેજ કપરાડા | આચાર્ય | 1.0 | 144200-218200 |
| 213 | સરકારી વિનયન કોલેજ કપરાડા | મદદનીશ પ્રાધ્યાપક | 8.0 | 57700-92500 |
| 214 | સરકારી વિનયન કોલેજ કપરાડા | પી.ટી.આઇ. | 1.0 | 57700-92500 |

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Scanned with OKEN Scanner